ધી
ન્યુઝલાઇન

વર્ષ : ૨૬ અંક : ૧૩૦ તા. ૦૩-૦૨-૨૦૨૦ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

ચિલાચાલુ બજેટ

લગભગ ૧૫૦ મિનિટની બજેટ સ્પીચ પછી સેન્સેક્ષમાં ૩૫૧ પોઈન્ટનો ઘટાડો થયેલો છે

છેલ્લા બે અંકથી દર્શાવતા હતા તે મુજબ બજેટ-૨૦૨૦ વખતે નાણામંત્રીના હાથ અનેક રીતે બંધાયેલા હતા અને તેથી જો અર્થતંત્ર અંગે વિશાળ અભ્યાસ કે અનુભવ ન હોય તો તેવી વ્યક્તિ આ વખતના બજેટમાં કોઈ જ નોંધપાત્ર પ્રદાન નહીં કરી શકે તેવી ગણતરી બહુમતી અર્થશાસ્ત્રીઓ અને શેરબજારના ખેલાડીઓની હતી અને લગભગ ૧૫૦ મિનિટની બજેટ સ્પીચ પછી સેન્સેક્ષમાં ૩૫૧ પોઈન્ટનો ઘટાડો થયેલો છે અને તે બાબત અમારા આગલા બે અંકમાં દર્શાવાયેલી આગાહીને યથાર્થ ઠેરવે છે. લગભગ ૧૫૦ મિનિટના પ્રવચનમાં માંદગીની પથારીએ પડેલા અર્થતંત્રને કેવી રીતે બેઠું કરાશે તે અંગે કોઈ જ સ્પષ્ટતા નથી કરી. બહુમતી અપેક્ષા હતી તે મુજબ વ્યક્તિગત કરદાતાઓ માટે કરના દરમાં રાહત આપવામાં આવી અને અત્યારે વ્યક્તિગત કરદાતાઓ અલગ-અલગ પ્રકારની રાહતો અને કપાતો મેળવે છે અને જો કરદાતા આ પ્રકારની રાહતો અને કપાતોનો લાભ ન લે તો તેને માટે કરવેરાના દર ઘટાડવામાં આવ્યા છે અને રૂા. ૫ લાખથી રૂા. ૭.૫૦ લાખની આવક માટે ૨૦ ટકાને બદલે ૧૦ ટકાનો દર વસૂલ કરવામાં આવશે. અને નાણામંત્રીનું ગણિત છે કે આ પ્રકારમાં વ્યક્તિગત કરવેરાનો દર ઘટતા સરકારની આવકોમાં રૂા. ૪૦૦૦૦ કરોડનો ઘટાડો થશે. સામે પક્ષે અત્યારે કંપનીઓ ઉપર ડિવિડન્ડ ડિસ્ટ્રીબ્યુશન ટેક્સ ૧૫ ટકાના દરે લાગે છે અને તે ડીડીટી દૂર કરીને કંપનીઓને રૂા. ૨૫૦૦૦ કરોડની રાહત આપવામાં આવી છે. અને તે પાસું પણ શેરબજાર માટે થોડે અંશે પોઝિટિવ કહી શકાય. સપ્ટેમ્બર મહિનામાં કોર્પોરેટ વેરામાં જે ઘટાડો કર્યો હતો તે હવે નવી પાવર જનરેશન કંપનીઓને પણ લાગૂ પડી શકશે. અને આ બે જાહેરાતો સિવાય શેરબજારને ચલાવે અને અર્થતંત્રને મુશ્કેલીમાંથી બહાર લાવે તેવી કોઈ જ નોંધપાત્ર જાહેરાતો નથી.

બેંકિંગ સેક્ટર : નાણામંત્રીએ પબ્લિક સેક્ટર બેંકોમાં રૂા. ૩.૫૦ લાખ કરોડ રોકવાની અને આ બેંકોને મૂડીબજારમાં જવા પ્રોત્સાહિત કરવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત ડિપોઝીટ ઈન્સ્યોરન્સનું આવરણ રૂા. ૧ લાખ કરોડથી વધારીને રૂા. ૫ લાખ કરોડ કરવામાં આવશે. નોનબેંકિંગ ફિનાન્સ કંપનીઓને સરફરેશી એક્ટ હેઠળનો ફાયદો રૂા. ૫૦૦ કરોડને બદલે રૂા. ૧૦૦ કરોડની અસ્ક્યામતો ઉપર મળી શકશે અને એનબીએફસીને ઈન્વોઈસ ફિનાન્સીંગ કરવાની છૂટ મળશે. આ ઉપરાંત આઈડીબીઆઈ પ્રાઈવેટ સેક્ટરને વેચી દેવાની જાહેરાત નાણામંત્રીએ કરી છે.

આ તમામ જાહેરાતો પછી બેંક શેરોમાં ખાસ ઉછાળો આવે તેવી કોઈ સંભાવના નથી લાગતી અને એમ પણ સરકારી બેંકો કોઈ રીતે મૂડીબજારમાં જઈ શકે તેવી હાલત નથી હોતી. આમ બજેટ અગાઉની જે પરિસ્થિતિ હતી તે મુજબ એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ડીસીબી બેંક, કોટક બેંક અને કર્ણાટક બેંકના શેરો ધીમો સુધારો દર્શાવશે. જ્યારે આઈડીએફસી ફર્સ્ટ બેંકનો શેર અત્યારે ઘટાડા તરફી છે અને તેમાં એક તબક્કે રૂા. ૩૭ સુધી ભાવ ઉતરી જાય તે પછી અપટ્રેન્ડ શરૂ થવાની ગણતરી છે. જ્યારે ઈન્ડસઈન્ડ બેંક હવે બોટમઆઉટ થઈને અપટ્રેન્ડમાં દાખલ થવાની તૈયારીમાં છે. અત્યારના નીચા ભાવે સીએસબી બેંક અને કર્ણાટક બેંકનો શેર ધ્યાનમાં રખાય. આરબીએલ બેંકનો શેર અત્યારે શોર્ટટર્મ ઘટાડાના તબક્કામાં છે અને તેમાં કરેકશન પૂરું થાય ત્યાં સુધી રાહ જોવી રહી.

નાની ફિનાન્સ કંપનીઓને થોડો-ઘણો ફાયદો સરફરેશી એક્ટને કારણે મળશે પરંતુ તે શેરોમાં શેરબજારમાં અત્યારે કોઈ આકર્ષણ નથી અને બજેટ પછી બજાજ ફિનાન્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફિનાન્સીયલ, એલએન્ડટી ફિનાન્સ, સુંદરમ્ ફિનાન્સ, આદિત્ય બિરલા કેપિટલ, મન્નાપુરમ ફિનાન્સ અને મુથુટ ફિનાન્સના શેરોમાં ધીમો સુધારો ચાલુ રહેવાની ગણતરી છે.

ઇન્સ્યોરન્સ સેક્ટર : નાણામંત્રીએ નિકાસ ઈન્સ્યોરન્સની જાહેરાત કરી છે. અને તેનો થોડો ફાયદો આઈસીઆઈસીઆઈ જનરલ ઈન્સ્યોરન્સના શેર ઉપર દેખાશે. જ્યારે લિસ્ટેડ જનરલ ઈન્સ્યોરન્સ કંપનીઓમાં બજેટને કારણે કોઈ ફેરફાર નથી. એચડીએફસી લાઈફ અત્યારે શોર્ટટર્મ કરેકશનના છેલ્લા તબક્કામાં છે અને તેથી આ કરેકશન પૂરું થાય ત્યાં સુધી રાહ જોવી પડે.

હાઉસીંગ ફિનાન્સ સેક્ટરના શેરમાં પણ બજેટને કારણે ખાસ કોઈ ફાયદો નથી અને ખૂબ જ નીચું વેલ્યૂએશન હોવાથી એલઆઈસી હાઉસીંગ ફિનાન્સ અને પીએનબી હાઉસીંગ ફિનાન્સના શેરમાં ધીમો અપટ્રેન્ડ જોવા મળવાની ગણતરી છે. જ્યારે રીસ્ટ્રક્ચરની ગણતરીએ એચડીએફસી બેંકનો શેર અપટ્રેન્ડમાં રહેશે.

ટેલિકોમ સેક્ટર : ટેલિકોમ સેક્ટર માટે બજેટમાં કોઈ જ રાહત નથી અને તેથી ભારતી એરટેલ હવે તેના ટોપ નજીકના લેવલ ઉપર પ્રોફિટ બુકિંગ કરી શકાય. જ્યારે આઈડિયામાં લાંબો કસ નથી દેખાતો.

ઓટો સેક્ટર : ઓટો સેક્ટર માટે બજેટમાં કોઈ જ જાહેરાત નથી આવી. કેવળ ગ્રામ્ય એલોકેશન વધારાયું છે અને રૂા. ૨.૮૩ લાખ કરોડનું ભંડોળ કૃષિ, સિંચાઈ માટે ફાળવવામાં આવ્યું છે અને તેનો નાનો ફાયદો મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા તેમજ ટુ-વ્હીલર કંપનીઓને મળી શકશે. અને તે દ્રષ્ટિકોણથી બજાજ ઓટો અને હીરો મોટોકોર્પના શેરમાં ધીમો સુધારો ચાલુ રહેવાની ગણતરી છે. સ્ક્રેપેજ પોલિસી અંગે બજેટમાં કોઈ જ સ્પષ્ટતા નથી કરાઈ અને હવે કેબિનેટ દ્વારા તેની જાહેરાત કરવામાં આવે તે પછી તાતા મોટર્સ, અશોક લેલેન્ડ અને મારૂતિના શેરોમાં થોડો સુધારો આવી શકે અને ત્યાં સુધી આ શેરો મંદ રહેવાની ગણતરી છે.

રીયલ એસ્ટેટ સેક્ટર : રીયલ એસ્ટેટ સેક્ટર માટે પણ કોઈ જ પ્રોત્સાહન નથી અને તેને કારણે રીયલ એસ્ટેટ શેરોમાં પણ ભાવ ઊંચકાય તેવી કોઈ સંભાવના નથી લાગતી. હાલના તબક્કે ડીએલએફ અને મહિન્દ્રા લાઈફ સ્પેસ આ બે શેરો ધીમો અપટ્રેન્ડ દર્શાવે તેવી ગણતરી છે. જ્યારે લાંબાગાળાના ઈન્વેસ્ટમેન્ટની રીતે અરવિંદ સ્માર્ટ સ્પેસ, બ્રિગેડ એન્ટરપ્રાઈઝ, ઓબેરોય રીયલ્ટી, કરડા કન્સ્ટ્રક્શન અને સોભા ડેવલપર આ શેરો ધ્યાનમાં રખાય. પાંચ આર્કીઓલોજિકલ સાઈડ ડેવલપ કરવાનો ખાસ કોઈ ફાયદો એનબીસીસીને મળશે તેમ નથી લાગતું અને શેર અત્યારે ઘટાડાના તબક્કામાં છે.

હોટલ સેક્ટર : નાણાપ્રધાને રૂા. ૨૫૦૦ કરોડ ટુરિઝમ પ્રમોશન માટે વાપરવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત ૧૦૦ નવા એરપોર્ટ સને ૨૦૨૫ સુધીમાં વિકસાવવામાં આવશે અને આ ડેવલપમેન્ટનો થોડોઘણો ફાયદો ટોચની હોટલ કંપનીઓને મળી શકશે. તેમ છતાં અત્યારે કોરોના વાયરસને કારણે હોટલ શેરોમાંથી ફેન્સી ઊડી ગઈ છે અને તેથી આગામી દિવસોમાં આ શેરો બજેટના ઉપરોક્ત પ્રોત્સાહનો છતાં નબળો ટ્રેન્ડ બતાવે તે સંભાવના છે.

ઈ-કોમર્સ સેક્ટર : આ સેક્ટર માટે બજેટમાં કોઈ જાહેરાત નથી. એમ્પ્લોઈ સ્ટોક ઓપ્શન અંગે થોડી રાહત આપવામાં આવી પરંતુ તેનો ફાયદો લિસ્ટેડ ઈ-કોમર્સ કંપનીઓને મળવાની સંભાવના નથી દેખાતી. ઈન્ડિયા માર્ટ અત્યારે તેના ટોપ નજીક ચાલે છે અને તેમાં પ્રોફિટ બુકિંગ કરી શકાય. જ્યારે આઈઆરસીટીસી અત્યારે નીચા વેલ્યૂએશન ઉપર છે અને તેમાં ધીમા સુધારા સાથે રૂા. ૧૨૦૦નું લક્ષ્યાંક છે. નોકરી.કોમ માટે વેલ્યૂએશન ખૂબ મોંઘું છે અને તેથી તે શેરમાં પણ રોકાણ ન વધારાય.

આઈટી સેક્ટર : આ સેક્ટર માટે પણ બજેટમાં ખાસ કોઈ પ્રોત્સાહનો નથી. પાંચ નવા સ્માર્ટ સિટી વિકસાવવાની જાહેરાત કરાઈ છે પરંતુ તેનો નોંધપાત્ર ફાયદો ટોચની આઈટી કંપનીઓને નહિવત હશે. કેવળ રૂપિયો નબળો પડી રહ્યો છે તે પાસું આઈટી શેરો માટે પોઝિટિવ છે અને તે એન્ગલથી ઈન્ફોસીસ, ટેક મહિન્દ્રા, ઓરેકલ ફિનાન્સીયલ, માઈન્ડ-ટ્રી, એલએન્ડટી ટેકનોલોજી અને એલએન્ડટી ઈન્ફોટેકના શેરોમાં ધીમો અપટ્રેન્ડ રહેવાની ગણતરી છે. જ્યારે ટીસીએસ ઈન્વેસ્ટમેન્ટ માટે ભેગા કરાય.

હેલ્થકેર સેક્ટર : આ સેક્ટર માટે નાણામંત્રીએ રૂ. ૬૯૦૦૦ કરોડનું ભંડોળ ફાળવ્યું છે અને તેનો થોડો-ઘણો ફાયદો હોસ્પિટલ કંપનીઓને મળી શકશે અને તેમાં નારાયણ હૃદયાલયનો શેર ધ્યાનમાં રખાય. જ્યારે એપોલો હોસ્પિટલ, શેલ્બી અત્યારે અતિશય ઊંચા વેલ્યૂએશન ઉપર છે અને તેમાં વૃદ્ધિની જગ્યા મર્યાદિત છે. જ્યારે એચસીજી, ફોર્ટિસ હેલ્થકેર અને ઈન્દ્રપ્રસ્થ મેડિકલના શેરોમાં ખાસ કોઈ ફાયદો નથી દેખાતો.

મીડિયા અને એન્ટરટેઇનમેન્ટ સેક્ટર : આ સેક્ટરને બજેટમાં સંપૂર્ણ પણે અવગણવામાં આવ્યું છે અને તેથી આ સેક્ટરની બાલાજી ટેલિફિલ્મ્સ, ઝી એન્ટરટેઈનમેન્ટ, ઝી મીડિયા, યુએફઓ, ટીવી-૧૮ અને ઈનોક્સ લેઝરના શેરોમાં ઉછાળાની જગ્યા નથી દેખાતી. સનટીવી શોર્ટટર્મ અપટ્રેન્ડમાં છે અને તેથી તેની ઉપર ફોકસ રાખી શકાય.

ઓઈલ અને ગેસ સેક્ટર : આ સેક્ટર માટે પણ બજેટમાં ખાસ કોઈ જાહેરાત નથી અને તેથી ઓએનજીસી, ઈન્ડિયન ઓઈલ, બીપીસીએલ, પેટ્રોનેટ એલએનજી અને ગેઈલના શેરોમાં ઘટાડાનો ટ્રેન્ડ હજી થોડા દિવસો ચાલુ રહેવાની ગણતરી છે પરંતુ સુંદર ફન્ડામેન્ટલ અને અતિશય નીચું વેલ્યૂએશન આવી ગયું હોવાથી ઉપરોક્ત ઓઈલ અને ગેસ સેક્ટરના શેરો ઈન્વેસ્ટમેન્ટ એન્ગલથી ભેગા કરી શકાય.

રોડ અને હાઈવે સ્કટર : આ સેક્ટર માટે કોઈ સ્પષ્ટ જાહેરાત કરવામાં નથી આવી પરંતુ રૂા.૧.૦૩ લાખ કરોડનું ભંડોળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોમાં ઠાલવવાનું હોવાથી તેમજ નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ અને લોજિસ્ટિક પોલિસીની જે જાહેરાત કરવામાં આવી છે તેનો થોડોક ફાયદો રોડ પ્રોજેક્ટ કંપનીઓને મળી શકશે. અત્યારના અતિશય નીચા ભાવે મળી રહેલા આઈઆરબી, સદ્ભાવ એન્જિનિયરીંગ, એમઈપી ઈન્ફ્રા અને અશોકા બિલ્ડકોનના શેરો લાંબાગાળાના ઈન્વેસ્ટમેન્ટની રીતે આકર્ષક છે પરંતુ શોર્ટટર્મમાં આ શેરો હજી નબળી ચાલ બતાવે તેવી ગણતરી છે.

રીટેઈલ સેક્ટર : આ સેક્ટર માટે બજેટમાં કોઈ જાહેરાત નથી અને વ્યક્તિગત કરવેરામાં ઘટાડાનો કેટલો ફાયદો રીટેઈલ સેક્ટરને મળશે તે અલગ વાત છે. અત્યારના તબક્કે ડીમાર્ટ અને ટ્રેન્ટ આ બે શેરો અપટ્રેન્ડ ચાલુ રાખે તેવી ગણતરી છે. જ્યારે વી-માર્ટમાં ખાસ કસ નથી.

લોજિસ્ટિક અને પોર્ટ સેક્ટર : આ સેક્ટર માટે સરકારે નેશનલ લોજિસ્ટિક પોલિસી રચવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત રૂા. ૧.૦૩ લાખ કરોડનું ભંડોળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટો માટે જાહેર કરાયું છે અને તેનો થોડો ફાયદો લોજિસ્ટિક કંપનીઓને મળી શકશે. ૧૦૦ એરપોર્ટ બનાવવાની વાત છે અને તેનો ફાયદો પણ લાંબાગાળે સ્પાઈસ જેટ અને ઈન્ડિગો એરલાઈન્સને મળશે પરંતુ શોર્ટટર્મમાં આ બંને શેરો ઘટાડાનો ટ્રેન્ડ ચાલુ રાખે તેવી ગણતરી છે તે જ પ્રકારે અદાણી પોર્ટ અને વીઆરએલ લોજિસ્ટિકને પણ બજેટને કારણે કોઈ સીધો ફાયદો નથી.

ટેક્સટાઈલ અને ગાર્મેન્ટ સેક્ટર : આ સેક્ટર માટે બજેટમાં કોઈ સીધી રાહત નથી કેવળ વ્યક્તિગત કરવેરામાં ઘટાડાનો નાનો ફાયદો અને ગ્રામ્ય એલોકેશન વધારવાનો થોડો ફાયદો ટેક્ષટાઈલ સેક્ટરને મળી શકે. શોર્ટટર્મમાં અરવિંદ, સેન્ચરી એન્કા, રેમન્ડ અને સંગમના શેરો ઘટાડો ચાલુ રાખે તેવી ગણતરી છે. લોંગટર્મ ઈન્વેસ્ટમેન્ટ માટે જાળવી રખાય.

સ્ટીલ અને મેટલ સેક્ટર : આ સેક્ટર માટે અત્યારે કપરો સમય છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર એલોકેશન જાહેર કરવામાં આવ્યું પરંતુ તે પ્રોજેક્ટો ક્યારે શરૂ થશે તે એક ચર્ચાનો વિષય છે જ્યારે સામે પક્ષે કોરોના વાયરસને કારણે બિનલોહ ધાતુઓ અને સ્ટીલના ભાવમાં ભારોભાર નબળાઈ છે અને આ પાસાને કારણે તાતા સ્ટીલ, જેએસડબલ્યુ સ્ટીલ, હિન્ડાલ્કો, વેદાંતા, નાલ્કોના શેર ઘટાડાનો ટ્રેન્ડ ચાલુ રાખે તે ભય છે. જ્યારે નીચા વેલ્યૂએશન ઉપર મળી રહેલો ઊષા માર્ટિન હવે ધ્યાનમાં રખાય.

એફએમસીજી તેમજ ચા અને ખાંડ કંપનીઓને સીધા કરવેરામાં થોડો ફાયદો મળશે. તેમ છતાં કરવેરામાં જે રૂા. ૪૦૦૦૦ કરોડની રાહત આપવામાં આવી છે તેને કારણે કેટલી એફએમસીજી કંપનીઓની માંગ સુધરશે તે એક અલગ પાસું છે અને તેથી બજેટ અગાઉ ધીમા અપટ્રેન્ડમાં દાખલ થઈ ગયેલા તાતા ગ્લોબલ, યુનાઈટેડ સ્પીરીટ, પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ, હિન્દુસ્તાન યુનિલિવરના શેરોમાં ધીમો અપટ્રેન્ડ ચાલુ રહેવાની ગણતરી છે સામે પક્ષે મેરિકો અને ગોદરેજ કન્ઝ્યુમરનો શેર ઘટાડાનો ટ્રેન્ડ બતાવે તે સંભાવના મજબૂત છે.

કેમિકલ્સ અને સ્પેશ્યાલિટી કેમિકલ્સ સેક્ટરને પણ બજેટને કારણે નોંધપાત્ર ફાયદો નથી. અને તેથી અત્યારે ચીનના ડેવલપમેન્ટ પછી ભારતની કેમિકલ્સ કંપનીઓને જે આડકતરો ફાયદો મળ્યો છે તે ફાયદાની અસર પસંદગીના શેરો ઉપર રહેશે અને તેમાં આરતી ઈન્ડસ્ટ્રીઝ, નવીન ફલુરાઈન કેમિકલ્સ, ફેરકેમ સ્પેશ્યાલિટી,ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ, એક્સલ ઈન્ડસ્ટ્રીઝ, લિન્ડે ઈન્ડિયા અને ગુજરાત ફ્લુરો કેમિક્લસ મુખ્ય છે અને આ શેરોમાં ધીમો અપટ્રેન્ડ જોવા મળવાની ગણતરી. તેવી જ રીતે બોમ્બે ઓક્સિજન અને જિંદાલ પોલી ફિલ્મ્સના શેરોમાં પણ ધીમા અપટ્રેન્ડની જગ્યા છે. એસ્સેલ પ્રોપેકમાં પણ ધીમો અપટ્રેન્ડ ચાલુ રહેવાની ગણતરી. જ્યારે મીડકેપ અને સ્મોલકેપ કેમિકલ્સ શેરોમાં અત્યારે ખાસ આકર્ષણ નથી.

પીએસયુ સેક્ટર માટે બજેટમાં કોઈ જ રાહત નથી અને પબ્લિક સેક્ટર કંપનીઓને ડિસઈન્વેસ્ટમેન્ટ માટે પ્રોત્સાહિત કરવાની વાત કરાઈ છે પરંતુ જ્યાં જંગી નુકસાન હોય તેવી પીએસયુમાં કયો ઈન્વેસ્ટર પૈસા રોકવાનો ? અને તાજેતરની આઈટીઆઈ લિમિટેડનો આઈપીઓ તેનું મજબૂત ઉદાહરણ છે. અને તેથી નીચા ભાવ ઉપર હોવા છતાં ભારત ઈલેક્ટ્રોનિક્સ કે ભેલના શેરોમાં કોઈ જ આકર્ષણ નથી દેખાતું.

પાવર સેક્ટર માટે નાણામંત્રીએ ૧૫ ટકા નીચા કોર્પોરેટ વેરાની જાહેરાત કરી છે પરંતુ આ જાહેરાત કેવળ નવા પ્રોજેક્ટો માટે છે અને તેથી અત્યારની કાર્યરત પાવર કંપનીઓને ખાસ ફાયદો નહીં મળે. અને તે દ્રષ્ટિકોણથી તાતા પાવર, અદાણી પાવર, જેએસડબલ્યુ એનર્જી, ટોરન્ટ પાવર, સીઈએસસી, પાવરગ્રીડ કોર્પોરેશન, એનટીપીસી અને એનએચપીસીના શેરો તેનો શોર્ટટર્મ ઘટાડાનો ટ્રેન્ડ ચાલુ રાખે તેવી ગણતરી છે. જ્યારે અદાણી ટ્રાન્સમિશન અત્યારે ઊંચા વેલ્યૂએશન ઉપર આવી ગયો છે અને આ ભાવે તેમાં નવું રોકાણ કરવું જોખમી છે.

રીન્યુએબલ સેક્ટર માટે નાણાપ્રધાને રૂા. ૨૨૦૦૦ કરોડ ફાળવવાની જાહેરાત કરી છે પરંતુ શું તેનો ફાયદો સુઝલોનને મળશે ? કે અન્ય કઈ સોલર એનર્જી લિસ્ટેડ કંપની છે કે જેને આ ફાયદો મળી શકે ? માટે આ રાહત શેરબજાર માટે પોઝિટિવ નથી.

સિમેન્ટ અને સિમેન્ટ પ્રોડક્ટ કંપનીઓ માટે આડકતરી રાહત છે અને તેમાં ૧.૦૩ લાખ કરોડના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોનો રૂા. ૧૮૬૦૦ કરોડનો બેંગ્લોર સબરબન પ્રોજેક્ટ પાંચ નવા સ્માર્ટ સિટીની જાહેરાત, વીલેજ સ્ટોરેજ સ્કીમ અને ખેડૂતોને વેરહાઉસ બાંધવા માટેના પ્રોત્સાહનો આડકતરો ફાયદો આપી શકશે. જ્યારે જલજીવન મિશન માટે રૂા. ૩.૬૦ લાખ કરોડનું ભંડોળ ફાળવવામાં આવ્યું છે અને તેનો થોડો ફાયદો ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝને મળવાની ગણતરી છે.

આમ સિમેન્ટ અને સિમેન્ટ પ્રોડક્ટ કંપનીઓને તાત્કાલિક કોઈ ફાયદો મળવાની સંભાવના નથી પરંતુ ક્રૂડતેલના ભાવ સતત ઘટી રહ્યા હોવાથી તેની પોઝિટિવ અસર માર્ચ ક્વાર્ટરના પરિણામો ઉપર જોવા મળશે અને તે પાછળ આ શેરો સુધરવાનું ચાલુ રાખશે.

એજ્યુકેશન સેક્ટર માટે નાણાપ્રધાને રૂા. ૯૯૩૦૦ કરોડનું ભંડોળ નવી એજ્યુકેશન પોલિસી માટે ફાળવવાનું નક્કી કર્યું છે. જ્યારે ઓનલાઈન ડિગ્રી પ્રોગ્રામ માટે પણ જાહેરાત કરાઈ છે અને નાનો ફાયદો નવનીત એજ્યુકેશનને મળવાની ગણતરી છે. આ ઉપરાંત એનઆઈઆઈટી ટેકનોલોજીને થોડો ઘણો ફાયદો મળી શકે અને તેમાં એનઆઈઆઈટી ટેકનોલોજીનો શેર આગામી દિવસોમાં અપટ્રેન્ડ દર્શાવે તે સંભાવના મજબૂત છે.

ગ્રામ્ય ભારત માટે નાણામંત્રીએ રૂા. ૧.૨૩ લાખ કરોડનું ભંડોળ ગ્રામ્ય પંચાયતી રાજ માટે રૂા. ૨.૮૩ લાખ કરોડનું ભંડોળ કૃષિ અને સિંચાઈ કંપનીઓ માટે તેમજ માછલીનું ઉત્પાદન ૨૦૦ લાખ ટન સુધી લઈ જવા માટે જાહેરાત કરી છે. આ ઉપરાંત મિલ્ક પ્રોસેસીંગ ક્ષમતા અત્યારના ૫૩.૫૦ ટનથી વધારીને ૧૦૮ લાખ ટન લઈ જવામાં આવશે અને તેનો થોડો ફાયદો ગોદરેજ એગ્રોવેટને મળવાની ગણતરી છે. આ ઉપરાંત અવંતી ફીડના શેરને પણ થોડો ફાયદો મળવાની સંભાવના દેખાય છે. કૃષિ ધિરાણનું લક્ષ્યાંક અત્યારના રૂા. ૧૦ લાખ કરોડથી વધારીને રૂા. ૧૫ લાખ કરોડ મૂકવામાં આવ્યું છે. ખેડૂતોને વેરહાઉસ બાંધવા માટે પ્રોત્સાહનો અપાશે અને આ પાસાને કારણે ટ્રેક્ટર અને કૃષિ સાધનો બનાવતી બે મુખ્ય કંપનીઓ મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને વીએસટી ટિલર્સને મળવાની ગણતરી છે.

કિસાન રેલ પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી કે જેમાં બગડી જાય તેવી ચીજવસ્તુઓની હેરફેર માટે અલગ ટ્રેન્ડ શરૂ કરવામાં આવશે. લાંબાગાળે આ જાહેરાતનો ફાયદો કન્ટેઈનર કોર્પોરેશન અને નવકાર કોર્પોરેશનને મળવાની ગણતરી છે.

આ ઉપરાંત નાબાર્ડની રીફિનાન્સ સ્કીમ હવે કૃષિ ધિરાણોને પણ લાગૂ પડશે અને તે હેઠળ ટ્રેક્ટર ઉત્પાદકો (મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને વીએસટી ટિલર્સ)ને ફાયદો મળવાની ગણતરી છે. અમુક અંશે તાતા મોટર્સ, અશોક લેલેન્ડ, એસએમએલ ઈઝુઝુ કે જેઓ નાની ટ્રક બનાવે છે તેને પણ થોડો ફાયદો મળી શકે. ગ્રામ્ય ભારતમાં કિસાન કુસુમ સ્કીમ હેઠળ સોલર પમ્પને આવરી લેવામાં આવશે અને આ યોજનાનો ફાયદો ૨૦ લાખ ખેડૂતોને મળે તેવું લક્ષ્યાંક છે.

નાણામંત્રીએ ઈલેક્ટ્રોનિક્સ ચેઈનમાં મૂડીરોકાણને પ્રોત્સાહન આપવાની જાહેરાત કરી છે અને સેલફોન, સેમી કન્ડક્ટર ઈલેક્ટ્રોનિક્સ ડિવાઈસના ઉત્પાદન માટે નવી સ્કીમ જાહેર કરવામાં આવશે પરંતુ તેનો નોંધપાત્ર ફાયદો કોઈ લિસ્ટેડ કંપનીને હાલના તબક્કે મળવાની સંભાવના નથી દેખાતી.

અનુસૂચિત જનજાતિ માટે રૂા. ૫૩૭૦૦ કરોડ અને અનુસૂચિત જાતિ માટે રૂા. ૮૫૦૦૦ કરોડનું ભંડોળ ફાળવવામાં આવ્યું છે અને તેનો આડકતરી રીતે એફએમસીજી કંપનીઓ અને ટુ-વ્હીલર કંપનીઓને ફાયદો મળવાની ગણતરી છે. જ્યારે ક્લીન એર માટે રૂા. ૪૪૦૦ કરોડનું ભંડોળ ફાળવવામાં આવ્યું છે અને તેનો ફાયદો થર્મેક્સને મળી શકશે. અને લોંગટર્મ ઈન્વેસ્ટમેન્ટની રીતે તે શેર ઉપર ફોકસ કરાય.

બજેટમાં મુખ્ય પાસુ ભારતીય જીવન વીમા નિગમ એટલે કે એલઆઈસીના આઈપીઓની કરવામાં આવી છે અને નવા વર્ષમાં સરકાર એલઆઈસીના આઈપીઓ દ્વારા જંગી ભંડોળ ઊભું કરવાનું લક્ષ્યાંક ધરાવે છે અને આ મેગા આઈપીઓને કારણે મૂડીબજાર અને શેરબજારને આડકતરો ફાયદો મળી શકશે.

આ ઉપરાંત ગવર્નમેન્ટ સિક્યોરિટીમાં વિદેશી રોકાણની લિમિટ વધારવામાં આવી છે અને તેના દ્વારા પણ જંગી ભંડોળ ભારતીય અર્થતંત્રમાં આવી શકશે. કોર્પોરેટ બોન્ડમાં અત્યારે ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની લિમિટ ૯ ટકા છે અને તેને વધારીને ૧૫ ટકા કરાશે અને આ જાહેરાતને કારણે પણ ભારતમાં ખૂબ



ગામની ગપસપ

- **ઇન્ડેક્ષ**, બજેટની જોગવાઈઓ છતાં પણ અર્થતંત્ર ઝડપથી સુધરવા અંગે આશાવાદનો અભાવ અને સામે પક્ષે ચીનમાં ફાટી નીકળેલા કોરોના વાયરસને કારણે ભારત સહિત વિશ્વભરના અર્થતંત્રને મોટો ફટકો પડવાનો ભય. સેન્સેક્ષ-નિફ્ટીમાં હજી નબળાઈ રહેવાની ગણતરી.
- **અલ્ટ્રાટેક સિમેન્ટ**, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરને વેગ આપતા પગલાં આવ્યા અને તેનો ફાયદો દેશની સૌથી મોટી સિમેન્ટ કંપની અલ્ટ્રાટેક સિમેન્ટને મળવાનો, રૂા. ૪૪૮૮ના ભાવે મફત છે અને મધ્યમગાળે રૂા. ૫૦૦૦ ઉપરના ભાવની આરએસની ગણતરી.
- **ડો. રેડ્ડીઝ લેબોરેટરી**, વનટાઈમ માંડવાળને કારણે ત્રીજા ક્વાર્ટરમાં નુકસાન આવ્યું પરંતુ વેચાણો અને કરવેરા અગાઉના નફામાં સુંદર વૃદ્ધિ, ચીનમાં ફાટી નીકળેલી મહામારીને કારણે ચીનમાં દવાના વેચાણો ધરાવતી ડો. રેડ્ડીઝને ફાયદો મળશે. અત્યારના રૂા. ૩૧૫૫ના ભાવે આકર્ષક.
- **હિન્દુસ્તાન યુનિલિવર**, બજેટને કારણે ગ્રામ્ય માગ સુધરવાની અને શહેરી માગમાં પણ પોઝિટિવ અસર. સારા ચોમાસાનો ફાયદો પણ દેખાય. અત્યારના રૂા. ૨૦૫૮ના ભાવે શેર ધ્યાનમાં રાખવો. ધીમા સુધારા સાથે રૂા. ૨૧૫૮ અને તે પછી રૂા. ૨૨૦૦ ટચ થવાની ગણતરી.
- **લાર્સન એન્ડ ટુબ્રો**, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઔદ્યોગિક સેક્ટરને બજેટની જોગવાઈઓનો ફાયદો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરની સૌથી મોટી ખેલાડી લાર્સનને ફાયદો દેખાય. રૂા. ૧૩૭૦ના ભાવે આ શેરમાં ધીમો અપટ્રેન્ડ શરૂ થયો છે. લીધા ન હોય તો ૧૦ કે ૨૦ શેર ત્રણ મહિના માટે લઈને મૂકી દેજો, પૈસા મળશે.
- **મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા**, બજેટનો સુંદર ફાયદો આ વિશાળ રેન્જ ધરાવતી ઓટો કંપનીને અને નિકાસોમાં પણ વૃદ્ધિની જગ્યા. રૂા. ૫૬૮ના ભાવે ખૂબ જ આકર્ષક, ધીમા સુધારા સાથે રૂા. ૬૦૦ પ્લસના ભાવની થોડા અઠવાડિયામાં ગણતરી.
- **ટાઇટન**, સોનાના દાગીનાની માગ વધે, રીટેઈલ માગને પ્રોત્સાહન અને સામે પક્ષે બેનામી રોકાણો ઉપરની તવાઈનો ફાયદો પણ ટાઈટનને મળવાનો, શોર્ટટર્મમાં હજી નબળાઈ અને કોન્સોલિડેશનનો ટ્રેન્ડ, રૂા. ૧૧૫૦-૧૧૮૦ વચ્ચેના ભાવે પાંચ-પાંચ કરીને ભેગા કરતા જવાય, ૧૨ મહિને સુંદર રિટર્નની જગ્યા.
- **તાતા મોટર્સ**, બજેટની જોગવાઈઓનો મોટો ફાયદો, સ્ક્રેપેજ પોલિસી પણ હવે આવવાની અને સામે પક્ષે પેસેન્જરકારના માર્કેટ ઉપર કંપનીનું મજબૂત ફોકસ, ફાઈવ-સ્ટાર સેફ્ટી ધરાવતી અલ્ટ્રોઝ લોન્ચ કર્યા પછી તાતા મોટર્સની ગાડીઓ તરફ હવે ગ્રાહકોનું આકર્ષણ, વેચાણો સુધરવાના, રૂા. ૧૮૬ના ભાવે મફત છે. ૧૨ મહિના જોવાનો નથી તે રીતે ૫૦-૧૦૦ શેર લઈને મૂકી દેજો. સુંદર રિટર્નની જગ્યા.
- **બજાજ ઓટો**, ખરાબ સમયમાં પણ મજબૂત વેચાણ વૃદ્ધિ દર્શાવેલી. બજેટની જોગવાઈઓનો આડકતરો ફાયદો અને ધિરાણો સરળ બનતા ટુ-વ્હીલરના વેચાણો સુધરશે. રૂા. ૩૧૪૫ના ભાવે જોખમ નહિવત. મધ્યમગાળે ધીમા સુધારા સાથે રૂા. ૩૩૦૦ના ભાવની ગણતરી.
- **એચડીએફસી**, હાઉસીંગ સેક્ટરને બજેટને કારણે ફાયદો અને સૌથી મોટી હાઉસીંગ ફિનાન્સ કંપની એચડીએફસીને તો લોટરી લાગી જવાની. મજબૂત ધિરાણ વૃદ્ધિ માટે રૂા. ૪૫૦૦૦ કરોડનું નવું ભંડોળ પણ ઊભું કરી રહ્યા છે. અત્યારના રૂા. ૨૪૧૫ના ભાવે હજી ચાર-આઠ અઠવાડિયા ધીમો સુધારો અને તે પછી ઝડપી વૃદ્ધિની ગણતરી. થોડાક શેરો લઈને મૂકી શકાય.
- **ઇન્ડસઇન્ડ બેંક**, ઓટો સેક્ટરને બજેટને કારણે ફાયદો અને ઓટો ધિરાણોનું મોટું કામકાજ ધરાવતી ઈન્ડસઈન્ડ બેંકને પણ ફાયદો થવાનો, છેલ્લા છ અઠવાડિયા દરમ્યાન ઘટીને રૂા. ૧૨૨૮-૧૨૩૧ના ભાવે આવી અને હવે આ શેરમાં યુ-ટર્નની તૈયારી,

NESCAFÉ
Switch on
the best in you.



DYNAMIC INDUSTRIES LIMITED
Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road,
G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23
CIN : L24110GJ1989PLC011989
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

સૂચના

સેબી (લીસ્ટિંગ ઓબ્લિગેશન ઍન્ડ ડિસક્લોઝર રિક્વાઈર્મેંટ) રેગ્યુલેશન્સ,૨૦૧૫ ના નિયમ ૪૭(૧)(એ) મુજબ,આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાઈરેક્ટર્સની મીટિંગ ૧૦મી ફેબુઆરી,૨૦૨૦,સોમવારના રોજ સાંજે ૫:૦૦કલાકે કંપનીની રજિસ્ટર્ડ ઓફીસ પર યોજાશે.જેનો હેતુ ૩૧મી ડિસેમ્બર,૨૦૧૯ ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક/નવ મહીનાનાં સમયગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામો ધ્યાનમાં લેવાનો અને મંજૂર કરવાનો છે.વધુ વિગતો કંપની ની વેબસાઈટ **http://dynaind.com/investors_zone.html** અને બીએસઈની વેબસાઈટ **www.bseindia.com/stock-share-price/dynamic-industries-ltd/dynamind/524818/** પર મળશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના હુકમથી
સહી/-
કુનાલ ચૌહાણ
કંપનીસચિવ

સ્થળ: અમદાવાદ
તારીખ :૦૧ ફેબુઆરી,૨૦૨૦

SHAH FOODS LIMITED
CIN: L15419GJ1982PLC005071
Regd. Office: Kalol-Mehsana Highway, PO.-Chhatral,TA.--Kalol,
Dist. Gandhinagar, PIN - 382729.
Telephone : 079-26448371, 02764-233931
email: nirav.shah@shahfoods.com

NOTICE

NOTICE IS HEREBY GIVEN THATthe 6th/2019-20 meeting of the Board of Directors of the Company will be held on 7thday of February, 2020at5.00 p.m.at Chhatral, Kalol-Mehsana Highway, Taluka Kalol Gandhinagar Gujarat –382729 to consider, and approve and take on record the Un-audited results with limited review certificate of the Company for the quarter/Nine months ended 31/12/2019.

This intimation is also available on the website of the Company at www.prernagroup.com and on the website of the Stock Exchange where the Equity Shares of the Company are listed i.e. www.bseindia.com

For, Shah Foods Limited,
Sd/-
Nirav Shah
Managing Director
(DIN: 01880069)

Date : 01/02/2020
Place : Ahmedabad